**Enrollment No: ______________________ Exam Seat No: ______________________**

# C.U.SHAH UNIVERSITY
## Summer Examination-2016

**Subject Name: Corporate Accounting-I**
**Subject Code: 4CO03CAC1** **Branch: B.Com. (Gujarati)**
**Semester: 3** **Date: 26/4/2016** **Time: 2:30 To 5:30** **Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** લિક્વિડેટરે આવક જાવકનું છેવટનું પત્રક ક્યારે રજૂ કરવાનું હોય છે? 1
(a) દર વર્ષે (b) દર ત્રણ વર્ષે
(c) દર બે વર્ષે (d) વિસર્જનનું કામ પૂરૂ થાય ત્યારે

**b)** જો કંપની સ્વૈચ્છિક વિસર્જન કરવાનો ખાસ ઠરાવ કરે ત્યારે વિસર્જનનો નિર્ણય કર્યા પછી ઠરાવ પસાર થવાના કેટલા દિવસમાં નોટિસ આપવી જોઇએ? 1
(a) ૫ દિવસમાં (b) ૧૦ દિવસમાં
(c) ૧૪ દિવસમાં (d) 30 દિવસમાં

**c)** ‘અ’ લિમિટેડે રૂ. ૧,00,000 ની કિંમતના રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા માટે રૂ. ૧0 નો એક એવા 3000 ઇક્વિટી શેર ૧0 % વટાવથી બહાર પાડ્યા. મૂડી પરત અનામત ખાતે ફેરવવાની રકમ થશે- 1
(a) ૭0,000 (b) ૭3,000
(c) ૨૭,000 (d) ૬૭,000

**d)** જો પ્રેફરન્સ શેરોને પ્રીમિયમે પરત કરવામાં આવે તો આ પ્રીમિયમની રકમની જોગવાઇ- 1
(a) જામીનગીરી પ્રીમિયમ ખાતામાંથી (b) નવા બહાર પાડેલા શેરોની રકમમાંથી
(c) શેર જપ્તી ખાતામાંથી (d) રોકાણો ના વેચાણ પર નફામાંથી

**e)** બેંક ઓવરડ્રાફ્ટ કંપનીના પાકા સરવૈયામાં નીચેના મથાળા હેઠળ દર્શાવાશે 1
(a) તારણવાળી લોન (b) ચાલુદેવાં અને જોગવાઇઓ
(c) તારણવગરની લોન (d) શેર જપ્તી ખાતામાંથી બાદ

**f)** 'અનામત મૂડી' એ...................... 1

(a) નહીં બહાર પાડેલી મૂડી છે. (b) એક પ્રકારનું અનામત ભંડોળ છે.

(c) નહીં મંગાવેલી મૂડી છે. (d) એક પણ નહી.

**g)** ભારતીય હિસાબી ધોરણ નં- ૧૧ નું શીર્ષક .................. છે. 1

(a) સરકારી હિસાબો (b) સરકારી મિલકતોના હિસાબો

(c) વિદેશી શાખાના હિસાબો (d) રોકાણો અંગેના હિસાબો

**h)** સંયોજનના હિસાબો --------- થી ફરજિયાત અમલમાં આવ્યું. 1

(a) ૧-૪-૧૯૯૪ (b) ૧-૪-૧૯૯૫

(c) ૧-૧૦-૧૯૯૪ (d) ૩૧-૧૨-૧૯૯૪

**i)** સંયોજનનો અર્થ સમજાવો. 1

**j)** રોકાણની મિલકતની વ્યાખ્યા આપો. 1

**k)** નોકરી પછીના લાભો એટલે શું? 1

**l)** નોકરીનો અંત આવતાં મળતા લાભો એટલે શું? 1

**m)** વ્યાખ્યાયિત લાભ યોજના એટલે શું? 1

**n)** બાયંધરી કરારનાં પ્રકાર જણાવો. 1

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**a.** મૂડીભંડોળમાં ફેરફાર કરવાની રિતો સમજાવો. 7

**b.** બોનસ શેર એટલે શું? તે બહાર પાડવાના હેતુઓ જણાવો. 7

**Q-3** **Attempt all questions** **(14)**

**a.** X કંપની લિ. નું તા. 31-3-2016 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે: 7

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| ૪૦,૦૦૦ ઇક્વિટી શેર દરેક | | સ્થિર મિલકતો | ૬,૦૦,૦૦૦ |
| રૂ. ૧૦નો | ૪,૦૦,૦૦૦ | ચાલુ મિલકતો | ૩,૪૦,૦૦૦ |
| મૂડી પરત અનામત | ૭૫,૦૦૦ | | |
| જામીનગીરી પ્રીમિયમ | ૭૫,૦૦૦ | | |
| વિકાસ વળતર અનામત | ૧,૧૫,૦૦૦ | | |
| રોકાણ અનામત | ૧,૨૫,૦૦૦ | | |
| સામાન્ય અનામત | ૧,૫૦,૦૦૦ | | |

| | | | |
|---|---:|---|---:|
| | ૯,૪૦,૦૦૦ | | ૯,૪૦,૦૦૦ |

કંપનીએ પોતાના શેરહોલ્ડરોને બે શેરદીઠ એક શેર બોનસ શેર આપવાનું ઠરાવ્યું આ માટે જરૂરી કાયદાકીય જોગવાઇઓ પૂર્ણ કરવામાં આવી. X લી. ના ચોપડે જરૂરી આમનોંધ આપો  અને પાકું સરવૈયું બનાવો.

**b.** હક્કના શેર અંગે કંપનીધારાની જોગવાઇઓ જણાવો. **7**

**Q-4** **Attempt all questions** **(14)**

**a.** ‘ડ’ લિમિટેડ તા. 30-૬-૨૦૧૫ ના રોજ ફડચામાં ગઇ ત્યારે તેનું સરવૈયું નીચે પ્રમાણે હતું: **7**

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---:|---|---:|
| 3,000 ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦૦નો | 3,00,000 | પાઘડી | ૨૫,૦૦૦ |
| | | જમીન-મકાન | ૨,૧૦,૦૦૦ |
| નફાનુકસાન ખાતું | 3,000 | યંત્રો | ૧,૬૫,૦૦૦ |
| ૮%ના ડિબેન્ચર્સ | ૫૦,૦૦૦ | ફર્નિચર | 3,000 |
| ડિબેન્ચર પર બાકિ વ્યાજ | ૪,૦૦૦ | સ્ટોક | ૧,૭૦,૦૦૦ |
| પ્રોવિડંટ ફંડ | 3,000 | દેવાદારો | ૨૫,૦૦૦ |
| લેણદારો | ૨,૩૬,૫૦૦ | રોકડ | ૧૨,૦૦૦ |
| 3 કારકુનોનો ૨ માસનો પગાર | ૧૩,૫૦૦ | | |
| | ૬,૧૦,૦૦૦ | | ૬,૧૦,૦૦૦ |

(૧) ડિબેન્ચરહોલ્ડરોને તા.૩૧-૧૨-૨૦૧૫ ના રોજ ચૂકવવાંમાં આવ્યા.

(૨) વિસર્જન ખર્ચ રૂ. ૧૦૦૦ થયો.

(૩) લિક્વિડેટરનું મહેનતાણું તેણે ઉપજાવેલ રકમ પર ૨% લેખે ઇક્વિટી શેરહોલ્ડરોને વહેચેલી રકમ પર ૧૦% લેખે અને પસંદગીના લેણદારો પર ૪% લેખે ગણવાનું છે. (૪) મિલકતોના નીચે પ્રમાણે ઊપજ્યા:

જમીન-મકાન રૂ.૧ ,૫૦,૦૦૦, ફર્નિચર રૂ.૪૦૦૦ , યંત્રો રૂ.૧ ,૭૧,૦૦૦ દેવાદારો રૂ.૨૩,૦૦૦, સ્ટોક રૂ.૧,૫૫,૦૦૦

લિક્વિડેટરનું છેવટનું પત્રક બનાવો.

**b.** હિસાબી ધોરણ નં- ૧૩ મુજબ કઇ બાબતોનું પ્રગટીકરણ થવુ જોઇએ? **7**

**Q-5** **Attempt all questions** **(14)**

**a.** અ કંપની લિ. નું તા. 31-3-2016 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે: **14**

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| ૭૫,૦૦૦ ઇક્વિટી શેર | | સ્થિર મિલકતો | ૧૩,૩૫,૦૦૦ |
| દરેક રૂ. ૧૦નો | ૭,૫૦,૦૦૦ | રોકાણો | ૧,૧૨,૫૦૦ |
| ૩૭૫૦,૧૨%ના રિડીમેબલ | | સ્ટોક | ૧,૨૪,૦૦૦ |
| પ્રેફરન્સ શેર દરેક રૂ. ૧૦૦ | | દેવાદારો | ૨,૧૬,૦૦૦ |
| શેરદીઠ રૂ, ૮૦ ભરાયેલા | ૩,૦૦,૦૦૦ | બેંક સિલક | ૬૨,૫૦૦ |
| સામાન્ય અનામત | ૫,૭૦,૦૦૦ | | |
| જામીનગીરી પ્રીમિયમ | ૧૨,૫૦૦ | | |
| નફાનુકસાન ખાતું | ૩૦,૦૦૦ | | |
| લેણદારો | ૧,૮૭,૫૦૦ | | |
| | ૧૮,૫૦,૦૦૦ | | ૧૮,૫૦,૦૦૦ |

કંપનીધારાની જોગવાઇઓનું પાલન કર્યા બાદ રિડી. પ્રેફરન્સ શેર ૫% પ્રીમિયમે પરત કરવાના છે. નવી બેંક સિલક રૂ. ૭૫ ,૦૦૦ રાખવાની છે. બધા રોકાણો રૂ.૧,૦૬,૨૫૦ માં વેચવામાં આવ્યાં . કંપનીએ જરૂરી સંખ્યામાં દરેક રૂ. ૧૦નો એક એવા ઇક્વિટી શેર ૧૦% ના વટાવે બહાર પાડવાનું સ્વીકાર્યું. બધાજ શેર પૂરા ભરપાઇ થઇ ગયા.

અ કંપની લિ.ના ચોપડે આમનોંધ લખો.

**Q-6** **Attempt all questions** **(14)**

**a.** લિક્વિડેટર શા માટે નીમવામાં આવે છે? તેની મુખ્ય ફરજો જણાવો. **7**

**b.** બ લિમિટેડે રૂ. ૧૦નો એક એવા ૫ ,૦૦,૦૦૦ શેર ૫૦% પ્રીમિયમે બહાર પાડ્યા. જે અંગે દલાલોએ નીચે મુજબ બાયંધરી આપી છે. **7**

W:30%, X: ૩૦%, Y: ૨૦%, Z: ૨૦%

તે ઉપરાંત ત્રણેએ નીચે મુજબ નિશ્ચિત બાંયધરી આપી છે:

W: ૧૫,૦૦૦ શેર, X: ૧૦,૦૦૦, શેર Y: ૨૦,૦૦૦ શેર, Z: ૫,૦૦૦ શેર.

કંપનીને નિશ્ચિત બાંયધરી સિવાય, પરંતુ સિક્કાવાળી અરજીઓ સહિત કુલ ૪,૦૦,૦૦૦ શેર માટે અરજી મળી, જેમાં સિક્કાવાળી અરજીઓ નીચે મુજબ હતી :

W: ૭૦,૦૦૦ શેર, X: ૧,૩૦,૦૦૦ શેર, Y: ૬૦,૦૦૦ શેર, Z: ૪૦,૦૦૦શેર.

બાંયધરી દલાલોને ૫% બાંયધરી કમિશન આપવાનું છે. જો દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો દરેક બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરો.

**Q-7** **Attempt all questions** **(14)**

**a.** રોકાણોની ચોપડે કિંમત કેવી રીતે નક્કી થાય છે? **7**

**b.** હિસાબી ધોરણ નં- ૧૧ અંગે પ્રગટીકરણની જોગવાઇ સમજાવો. **7**

**Q-8** **Attempt all questions** **(14)**

**a.** કર્મચારીના ટુંકા ગાળાના લાભો અને લાંબા ગાળાના લાભો જણાવો. **7**

**b.** ઊભા પાકાં સરવૈયાનો નમુનો જણાવો. **7**